જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.03/0૧/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫/૨૦૨૩

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.0૨/0૧/૨૦૨૩ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | 0 | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | 0 | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | 0 | ૪૭૩૩ | ૬૨૮૨ | 0 | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | 0 | ૧૪૯ | ૪૨૮ | 0 | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | 0 | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | 0 | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | 0 | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | 0 | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩ | ૩,૩૫,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**<u>નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૪૮ બિયર ટીન કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮/૨૦૨૩</u>**

**સાયબર ક્રાઈમઃ** મંથન સ/ઓ નૈષધકુમાર ત્રિવેદી (ઉ.વ.૪૧) (રહે. શિવાલીક બંગ્લોઝ આનંદનગર ચાર રસ્તા પાસે, ૧૦૦ ફુટ રીંગ રોડ આનંદનગર) એ તા.૦૨/૦૧/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૦૯૩૭૧૩૬૮૮ ના ધારકે મંથન ત્રિવેદીના વોટસએપ ઉપર મેસેજ દ્વારા તેમજ કોલ દ્વારા વાતચીત કરી મુંબઈ ખાતેથી Gulf Oil And Minerals કંપનીના માલિક શશાંક બોલતા હોવાની ઓળખ આપી Soya Base ના Used Cooking Oil આપવાના બહાને મંથન ત્રિવેદીને Gulf Oil And Minerals કંપનીનુ પર્ફોમા ઇનવોઈસ તેમજ મટીરીયલના ફોટા તેમજ વિડિયો વોટસઅપ દ્વારા મોકલી આપી, મંથન ત્રિવેદીનો વિશ્વાસ અને ભરોષો કેળવી Soya Base ના Used Cooking Oil મટીરીયલ મેળવવા આપવા સારુ અલગ-અલગ ચાર્જ પેટે તેઓના ખાતામાં કુલ રૂપિયા ૨૦,૫૦,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ Soya Base ના Used Cooking Oil મટીરીયલ તેમજ ભરેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.વાય.પટેલ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯/૨૦૨૩</u>**

**બાપુનગરઃ** રાજેશભાઇ અંબાલાલ પટેલ (ઉ.વ.૫૪) (રહે. સત્વ-૫ રાધે-૨ પાસે હરીદર્શન ચાર રસ્તા નિકોલ) તા.૦૨/૦૧/૨૦૨૩ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર ઇન્ડીયા કોલોની રોડ એપ્રોચ ત્રણ રસ્તાથી આગળ અમદાવાદી ખમણ નામની દુકાન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રાજેશભાઇ પટેલના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાજેશભાઇ પટેલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦/૨૦૨૩</u>**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** મનોહરલાલ લક્ષ્મણદાસ જેઠાણી (ઉ.વ.૫૪) (રહે. આંબાવાડી સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૧/૨૦૨૩ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા ઇન્દીરાબ્રિજ ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વસંતકુમાર કકવાજી ચલાવે છે.

**સરદારનગરઃ** આકાશ સ/ઓ શૈલેષભાઇ જયસ્વાલ (ઉ.વ.૨૨) (રહે. વાલ્મીકી આવાસ યોજના નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર પ્રવિણભાઇ ચલાવે છે.

**રામોલઃ** (૧) જયંતિભાઇ માણાભાઈ ઠાકોર (ઉ.વ.૫૦) (રહે. ઠાકોર વાસ ગામ મેમદપુરા તા.દશક્રોઇ જી-અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ કબીર મંદીર રોડ ખાતે પોતાના ખેતરમાં ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૧/૨૦૨૩ સવારના ૭/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

**રામોલઃ** (૨) નિકુંજકુમાર નટવરલાલ પટેલ (ઉ.વ.૩૮) (રહે. શિવમ રો-હાઉસ મહાદેવ એવન્યુ રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૧/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેઠાણ ખાતે પંખા સાથે ધાબળો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઈ મોહનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી